647510 **BA0GujCC622B** **Seat No :________**

**B.A. Semester - 6 (*CBCS*) Examination**

**July-2025 (OLD COURSE)**

**GUJARATI: P22 GUJARATI VYAKRAN, SARJAN LEKHAN KAUSHAL - 6(CORE - 22)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચે આપેલ કાવ્યમાંથી કોઈ એક કાવ્યનો આસ્વાદ કરવો. (૧૪)

ચાલ, વરસાદની મોસમ છે, વરસતાં જઈએ,
ઝાંઝવાં હો કે હો દરિયાવ, તરસતાં જઈએ.

મોતના દેશથી કહે છે કે બધાં ભડકે છે,
કૈં નથી કામ, છતાં ચાલ, અમસ્તાં જઈએ.

આપણે ક્યાં છે મમત એક જગાએ રહીએ,
માર્ગ માગે છે ઘણાં, ચાલને, ખસતાં જઈએ.

સાવ નિર્જન છે આ વેરાન , બીજું શું કરીએ,
બાંધીએ એક નગર, ને જરા વસતાં જઈએ.

તાલ દેનારને પળ એક મૂંઝવવાની મઝા,
રાગ છેડ્યો છે રુદનનો, છતાં હસતાં જઈએ.

- હરીન્દ્ર દવે

અથવા

ગઢને હોંકારો તો કાંગરા ય દેશે, પણ ગઢમાં હોંકારો કોણ દેશે?
રાણાજી, તને ઊંબરે હોંકારો કોણ દેશે?
આઘે આઘેથી એને આવ્યાં છે, કહેણ, જઈ વહાલમ શું નેણ મીરાં જોડશે.
હવે તારો મેવાડ મીરાં છોડશે....

આઠે અકબંધ તારા ભીડ્યા દરવાજાનાં ફૂલ જેમ ખૂલશે કમાંડ
વેગીલી સાંઢણીઓ વહી જાશે દૂર મૂકી ધૂળ મહીં ઊડતો મેવાડ

કિનખાબી પહેરવેશ કોરે મૂકીને મીરાં કાળું મલીર એક ઓઢશે.
હવે તારો મેવાડ મીરાં છોડશે...

પાદરેથી રસ્તાઓ પાછા વળશે રે લઈ લેણદેણ તૂટ્યાનું શુળ,
ડમરી જેવું રે સ્હેજ ચડતું દેખાશે પછી મીરાં વીખરાયાની ધૂળ

મીરાં વિનાનું સુખ ઘેરી વળશે ને રાજ, રૂંવે રૂંવેથી તને તોડશે
હવે તારે મેવાડ મીરાં છોડશે.......

- રમેશ પારેખ

પ્રશ્ન.૨ સંધિ એટલે શું તે સમજાવી, સ્વરસંધિ અને વ્યંજનસંધિ વિષે સદૃષ્ટાંત નોંધ લખો. (૧૪)

અથવા

પ્રશ્ન.૨ જોડણી ભેદથી થતાં અર્થ ભેદ વિષે વિગતે ચર્ચા કરો.

પ્રશ્ન.૩ મધ્યકાલીન સાહિત્યના સંશોધક અને સંપાદકનાં ગુણો વિષે વિસ્તૃત નોંધ લખો. (૧૪)

અથવા

પ્રશ્ન.૩ મધ્યકાલીન સાહિત્યનું સંશોધન અને સંપાદક કરતી વખતે પડતી મુશ્કેલીઓ વિષે ચર્ચા કરો.

પ્રશ્ન.૪ 'સર્જક અને વિવેચક જોડિયા ભાઈઓ છે' – વિધાનને ધ્યાનમાં લઇ સર્જનાત્મક લેખન કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ તમારી કોલેજમાં યોજાયેલ વનમહોત્સવનું પ્રસંગાલેખન કરો.

પ્રશ્ન.૫ નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈ પણ બે પ્રશ્નના માગ્યા પ્રમાણે જવાબ લખો. (૧૪)

1) સર્જનાત્મક લેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો.
2) વિસર્ગ સંધિ વિષે નોંધ લખો.
3) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કોઈ એક સંપાદકના કાર્યનો પરિચય કરવો.
4) પ્રસંગ લેખન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?

***********************